### અકસ્માતની ઘટનાનો લોકો તમાશો બનાવતા હતા

# ભિલોડા PSI સેલાર સ્થળ પરથી પસાર થતા ઈજાગ્રસ્તને કારમાં હોસ્પિટલ ખસેડ્યો



મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની સાથે જરૂરિયાતમંદ અને ગરીબ લોકોની મદદ માટે હંમેશ માટે તત્પરતા દાખવી રહી છે ભિલોડા પોલીસ સ્ટેશનના મહિલા જીં એચ.ડી.સેલારની માનવતા ભરી કામગીરીથી એક ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સમયસર સારવાર મળી જતા જીવ બચી ગયો હતો પીએસઆઈ એચ.ડી.સેલાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાઈક ચાલકને તેમની કારમાં અને અન્ય ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી બંને ઈજાગ્રસ્ત યુવકો માટે દેવદૂત બન્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર,ભિલોડા પુલ નજીક એસટી બસની અડફેટે બાઈક ચઢતા અકસ્માત સર્જાતા બાઈક સવાર બંને યુવકો રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી ઈજાથી કણસતા બંને યુવકોને મદદ કરવાના બદલે મોબાઈલમાં ફોટા અને વિડીયો ઉતારવામાં મશગુલ બનતા જાણે માનવતા મરી પરવારી હોય તેવી સ્થિતીનું નિર્માણ થયું હતું ત્યારે સ્થળ પરથી પસાર થતા જીં એચ.ડી.સેલાર લોકોનું ટોળું એકઠું થયેલું જોઈ કાર ઉભી રાખી ટોળા નજીક પહોંચતા અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત બે યુવકો પડેલા જોવા મળતા તાબડતોડ એક યુવકને તેમની કારમાં અને અન્ય યુવકને બીજા વાહનમાં ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી સારવાર અપાવી હતી જેમાં એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા પ્રાથમિક સારવાર આપી હિંમતનગર વધુ સારવાર અર્થે ખસેડી દીધો હતો હાલ ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સમયસર સારવાર મળી રહેતા સ્થિતિ સ્થિર હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતીં જીં એચ.ડી.સેલાર ક્ષણનો પણ વિચાર કર્યા વગર બંને યુવકોને સારવાર અપાવતાં સ્થળ પર હાજર લોકોએ અને ભિલોડા નગરની પ્રજાએ તેમની કામગીરીની ભારે સરહના કરી હતી

### વાવાઝોડા, વરસાદ પછી રોગચાળો ભરડો લે તેવી દહેશત

# સાબરકાંઠામાં ૩ દિવસમાં શંકાસ્પદ ૩૧૦૦ દર્દીઓના લોહીના સેમ્પલ લેવાયા

### મેલેરીયા નિર્મૂલન માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ શરુ, ૩૩૧૫ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળ્યા

બાયડ, તા.૨૩

વરસાદ આવે એટલે રોગચાળો ડોકાતો હોય છે. સાબરકાંઠા જિલ્લામાં બિપરજોય વાવાઝોડાના કારણે ૮ તાલુકામાં દોઢ થી ૧૨ ઈંચ જેટલો સરેરાશ વરસાદ ખાબકતાં ફરી મચ્છરજન્ય રોગચાળો માથું ઉંચકે તેવા સંકેત મળ્યા છે. છેલ્લા ૩ દિવસ દરમ્યાન શંકાસ્પદ તાવના દર્દીઓના ૩૧૦૦ સેમ્પલ લેવામાં આવ્યા છે. મેલેરીયા નિર્મૂલન માટે આરોગ્ય તંત્રની નિગરાની હેઠળ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ શરુ કર્યો છે તેમજ તપાસ દરમ્યાન ૩૩૧૫ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળતાં જરુરી સૂચનાઓ આપવાની સાથે તકેદારી રાખવા તાકીદ કરાઈ છે.

મેલેરીયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગચાળાના નિયંત્રણ માટે જિલ્લા મેલેરીયા અધિકારી ડૉ.પ્રવિણ ડામોરના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લામાં મેલેરીયા શાખા દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે શરુ કરવામાં આવ્યો છે. ૮૩સુપરવાઈઝર અને ૮૯૬ ટીમોએ રહેણાંક વિસ્તારોની મુલાકાત લઈ ઘરમાં સર્વે હાથ ધર્યો છે. છેલ્લા ૩ દિવસથી ચાલતી કામગીરીમાં ૧,૧૧,૨૦૯ ઘરની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં આરોગ્યની ટીમોને ૩૩૧૫ પાત્રોમાં મચ્છરનાં બ્રિડીંગ મળી આવતાં પોળાનાશની કામગીરી કરવામાં આવી હતી. જિલ્લામાં ચોમાસા દરમ્યાન મચ્છરજન્ય રોગચાળો માથું ઉંચકતો હોય છે અને મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગો બેકાબુ ન બને તે માટે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની રાહબરી હેઠળ મેલેરીયા શાખાએ હાઉસ ટુ હાઉસ સર્વે શરુ કર્યો છે. ૨૮ જૂન સુધી ચાલનારા સર્વેમાં મેલેરીયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયાના કેસની શોધખોળ, લોહીના નમૂના લેવાની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત મચ્છર ઉત્પત્તિ કરતા સ્થળોની સઘન ચકાસણી કરી પાણી ભરાયેલા સ્થળોને ડ્રાય કરી પોળોનાશક કામગીરી કરવાની સાથે મચ્છરોની ઉત્પત્તિ ઉપર અંકુશ મૂકવા પ્રયાસ થશે.



# ૬૭. સાબરકાંઠા જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો, ૧૦ અરજીઓનો નિકાલ



બાયડ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લા સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયો જેમાં ૧૦ અરજીઓનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. જ્યારે ૨ અરજીઓ પેન્ડીંગ રાખવામાં આવી છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં લોક પ્રશ્નોનો યોગ્ય રીતે સમાધાન કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાત સરકારનો સ્વાગત કાર્યક્રમ ચાલી રહ્યો છે અને તેની હાલ રાજ્યમાં ઉજવણી થઈ રહી છે. સાબરકાંઠા કલેક્ટર એન.એમ.દવેની અધ્યક્ષતામાં ગુરુવારે કલેક્ટર સભાખંડમાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો જેમાં ૧૦ અરજીઓનો યોગ્ય રીતે ઉકેલ લાવવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે પ્રજાના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે તે માટે સરકાર અને વહીવટી તંત્ર યોગ્ય દીશામાં કામગીરી કરી રહી છે. કાર્યક્રમમાં જમીન દબાણ, જમીનનો બોજાની નોંધણી, ખેતી લાયક જમીનમાં પ્રવેશવાના રસ્તા, પ્લોટ ફાળવણી જેવા પ્રશ્નો હતા અને તેનો ઉકેલ લાવવા માટે જે તે વિભાગના અધિકારીઓએ પણ હકારાત્મક અભિગમ અપનાવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, પોલીસ વડા વિશાલ વાઘેલા, અધિક નિવાસી કલેક્ટર દિગંત બ્રહ્મભટ્ટ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાત્રક જળાશયમાંથી ડાબા-જમણાકાંઠાની નહેરમાં સિંચાઈ માટે પાણી છોડાયું

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૩

વાત્રક જળાશયમાંથી ડાબા અને જમણાકાંઠાની નહેરમાં સિંચાઈ માટે પાણી છોડાયું છે. જે ખેડૂતોને પોતાના બોરા નથી અને કપાસ, મગફળીનું વહેલું વાવેતર કર્યું છે તેવા ખેડૂતો માટે સિંચાઈનાં પાણી વરદાનરૂપ બન્યાં છે. વરસાદ શરુ થયા પછી પાણી છોડવાનું બંધ કરાશે. ૧૫૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળી રહ્યો છે.



અરવલ્લી જિલ્લાના ખેડૂતોની જીવાદોરી ગણાતા વાત્રક જળાશયમાં ગત ચોમાસા દરમ્યાન પાણીની સારી આવક નોંધાઈ હતી જેથી ઉનાળા દરમ્યાન પણ ખેડૂતોને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી આપવામાં આવ્યું હતું. આ વર્ષે મે. ના અંત અને નના આરંભે અનેક ખેડૂતોએ કપાસ, મગફળી સહિતના ખરીફ પાકોનું વાવેતર કર્યું હતું. જો કે બિપરોય વાવાઝોડા પછી વરસાદ વરસતાં વહેલી ખેતી કરનારા ખેડૂતોને ફાયદો થયો છે. પરંતુ હવે છેલ્લા ૪-૫ દિવસથી અસહ્ય બફારા અને ગરમીના કારણે ખરીફ વાવેતર ઉપર સંકટ મંડરાયું છે ત્યારે વાત્રક જળાશયમાંથી ડાબાકાંઠાની નહેરમાં ૧૦૦ ક્યુસેક અને જમણાકાંઠાની નહેરમાં ૬૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ચોમાસા દરમ્યાન પણ કેનાલો બેકાંઠે વહેતાં લીલીછમ ખેતી વચ્ચે કેનાલમાં વહેતાં પાણીના કારણે દૈદિપ્યમાન નજારો પણ જોવા મળી રહ્યો છે. વિભાગનો સંપર્ક કરતાં જે ખેડૂતો પાસે પોતાના બોરા નથી તેવા ખેડૂતો આગોતરુ વાવેતર કર્યું હોવાથી સિંચાઈનો લાભ મેળવી શકે તે માટે પાણી છોડવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે.

# પાલનપુરની યુવતીની સગાઈ થયા પછી ઘરની બહાર નીકળે તો... મંગેતર વિડિયો કોલ કરી લોકેશન માંગતો

**યુવતીએ બેઈઝ સ્પોર્ટ સેન્ટરની મદદ લઈ મંગેતરના ત્રાસથી છુટકારો મેળવ્યો : બંન્નેએ રાજીખુશી સગાઈ તોડી, યુવતીએ અન્ય યુવક સાથે સગાઈ કરી**

પાલનપુર તા.૨૩

પાલનપુરની એક યુવતીની સગાઈ થયા પછી તેનો મંગેતર ત્રાસ ગુજારતો હતો. તેણીએ પાલનપુર પોલીસ બેઈઝ સ્પોર્ટ સેન્ટરની મદદ લઈ તેના ત્રાસથી છુટકારો મેળવી અન્ય યુવક સાથે સગાઈ કરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં રહેતી એક યુવતીની સગાઈ અઢી વર્ષ અગાઉ યુવક સાથે થઈ હતી. આ અંગે પાલનપુર પોલીસ બેઈઝ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર જીગીશાબેન તરાલે જણાવ્યું હતુ કે, યુવતીનો મંગેતર ખુબ જ શંકાશીલ સ્વભાવનો હતો.

તેણી ઘરની બહાર નીકળે એટલે મોબાઈલ ફોનમાં વોટ્સએપ કોલ કરી તે ક્યાં ગઇ છે. કોને મળે છે. તેની માહિતી માંગતો હતો. ઘરેથી એકલીને બહાર નીકળવા દેતો ન હતો. હજુ તો સગાઈ થઈ છે. લગ્ન પછી શુ હાલત થશે તે વિચારી યુવતીએ પોલીસ બેઈઝ સ્પોર્ટ સેન્ટરની મદદ લીધી હતી. જ્યાં યુવક અને યુવતીને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. અને આખું લગ્નજીવન આવી રીતે પસાર નહી થઈ શકે તેવું સમજાવવામાં આવ્યું હતુ. આખરે યુવક સગાઈ તોડવા સહમત થયો હતો. બંને રાજીખુશીથી અલગ થયા હતા. દરમિયાન થોડા દિવસો પછી યુવતીએ અન્ય યુવક સાથે સગાઈ કરી હતી. જે તેના જીવનમાં ખૂશ છે.

# પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદની ભાજપની અલ્પકાલીન વિસ્તારક માર્ગદર્શન કાર્યશાળા યોજાઇ





પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદ ની ભાજપની અલ્પકાલીન વિસ્તારક માર્ગદર્શન કાર્યશાળા યોજાઇ. પ્રાંતિજ ખાતે ૨૩ મી જુન શ્યામા પ્રસાદ ની પુણ્યતિથિ હોય પ્રાંતિજ-તલોદ ભાજપ દ્વારા આ દિવસ ને બલિદાન દિવસ તરીકે ઉજવવામા આવ્યો હતો અને ભાજપ પ્રાંતિજ-તલોદ યુવા મોરચા ની ટીમ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ અને ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે દિપપ્રાગટય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુક્યો હતો તો અને ત્યારબાદ શ્યામા પ્રસાદની પુણ્યતિથી ને લઈ ને તેવો ની તસ્વીરને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો અને ત્યારબાદ કેન્દ્ર મા મોદી સરકાર ના ૯ વર્ષ સેવા , સુશાસન અને ગરીબ કલ્યાણ એટલે કે ભારતીય જનતા પાર્ટી ના ૯ વર્ષ પૂર્ણ થતા તેના વિકાસ ના કામો લોકો સુધી અને વિશેષ જન સંપર્ક અભિયાન તથા ધર ધર સંપર્ક તારીખ ૨૫થી ૨૭ જુન યોજાનાર હોય તે સર્દભે તથા આવનાર દિવસોમા ભારતીય જનતા પાર્ટી ને વધુ મજબૂત થાય તે હેતુથી પ્રાંતિજ વી.એસ.રાવલ પીટીસી કોલેજ ખાતે પ્રાંતિજ-તલોદ ના ભાજપ કાર્યકરો આગેવાનો ની અલ્પકાલીન વિસ્તારક માર્ગદર્શન કાર્યશાળા યોજાઇ હતી જેમા વિડીયો કોન્ફરન્સ ની મદદત થી ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી દ્વારા વર્ચ્યુઅલ મીટીંગ મા જોડાયા હતા જેમા આ અલ્પકાલીન વિસ્તારક માર્ગદર્શન કાર્યશાળા મા જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ , સાંસદ દિપસિંહ રાઠોડ , મહેન્દ્રભાઇ , પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, રેખાબા , પ્રાંતિજ શહેર પ્રમુખ નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ , મંત્રી ગીરીશભાઈ પટેલ, તલોદ શહેર પ્રમુખ દામોદર ભાઈ, તાલુકા પ્રમુખ કલ્પેશભાઈ પટેલ સહિત પ્રાંતિજ તલોદ ના ભાજપ ના આગેવાનો , કાર્યકરો, હોદેદારો સહિત ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજસ્થાનના સરહદ વિસ્તારમાં ડમ્પરની અડફેટે ત્રણ બાઈક સવાર યુવકોના મોત

### માં ના આક્રન્દ ભર્યા કલ્પાંતથી વિસ્તાર ગુંજી ઉઠ્યો

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન સરહદને અડીને સીમલવાડા ના સરથુના પાસે ડમ્પર-બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવાર ત્રણે યુવકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યાં મોત નિપજતા ભારે કરુણતીકા સર્જાઈ હતી અકસ્માતના પગલે મૃતક યુવકોની માતાએ ભારે આક્રંદ સાથે કલ્પાંત કરી મુકતા સ્થળ પર હાજર લોકો અને રાજસ્થાન પોલીસ હૃદય પણ દ્રવી ઉઠ્યા હતા અકસ્માતમાં ત્રણ મૃતક યુવકો મેઘરજ પંથકના હોવાની માહિતી વહેતી થતા મેઘરજ પંથકના લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા ત્રણે કમનસીબ મૃતકો પંચમહાલ લંભુ ગામના હોવાની માહિતી રાજસ્થાન પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી. મેઘરજ તાલુકાના કાલીયાકુવા બોર્ડર નજીક



રાજસ્થાનના સરથુના ગામ નજીક ડમ્પર સાથે બાઈકની ધધકાભેર ટક્કર થતા બાઈક સવાર ત્રણે યુવકના માથાના ભાગના ફુરચેફુરચા નીકળી ગયા હતા સ્થળ પર લોહીની નદીઓ વહેતા અક્સ્માતના સ્થળે પહોંચેલા લોકો રોડ પરના દ્રશ્યો જોઈ આવાક બની ગયા હતા અકસ્માતની ઘટનાની જાણ રાજસ્થાન પોલીસને થતા તાબડતોડ સ્થળ પર પહોંચી ત્રણે મૃતક યુવકોની લાશને પીએમ માટે ખસેડવા તજવીજ હાથધરી હતી મૃતક યુવકના પરિવારજનો અકસ્માત સ્થળ પર પહોચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી

# બનાસકાંઠાના ડાઈમંડ ઉદ્યોગને ભયંકર મંદીનું ગ્રહણ લાગ્યું

પાલનપુર તા.૨૩




બનાસકાંઠા જિલ્લામા હીરા ઉદ્યોગને છેલ્લા બે માસથી મંદીનું ગ્રહણ લાગ્યું છે જેને લઈને હીરા ઉદ્યોગ થકી રોજગારી મેળવતા રત્ન કલાકારો અને હીરાની લે વેચ કરતા વેપારીઓ કફોડી હાલતમાં મુકાઈ જવા પામ્યા છે જોકે કાચા હીરાની આયત રશિયા થી થતી હોય હાલ રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું હોય કાચા હીરાની આયત બંધ થઈ જતા અને તૈયાર હિરાં ની નિકાસ સ્થગિત થતા જિલ્લામા વર્ષ ૨૦૦૮ બાદ આ વર્ષે ભયંકર મંદી ચાલી રહી હોય કેટલાક કારખાનાને તાળા લાગી ગયા છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સરહદી બનાસકાંઠા જિલ્લા મા હીરા ઉદ્યોગએ અનેક પરિવારો માટે ઘર આંગણે રોજગારી પૂરી પાડતો વ્યવસાય હોય પાલનપુર અને ડીસા તાલુકામાં ૪૦૦ ઉપરાંત હીરાના કારખાના આવેલ છે જ્યા ૩૦ થી ૩૫ હજાર રત્ન કલાકારો હીરા ઘસવાનું કામ કરી રહ્યા છે. હીરા ઉદ્યોગમાં કાચા હીરાની રશિયા થી આયાત કરવામાં આવે છે અને તૈયાર કરી રશિયા નિકાસ કરાય છે પરંતુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની તણાવ ભરી સ્થિતિ ને લઇ રશિયાથી હીરાની આયત પર બ્રેક લાગી જતા બનાસકાંઠા જિલ્લામાં માત્ર ૨૫ થી ૩૦ ટકા કાંચા હીરા મળતા અપૂરતા કાચા હીરાને લઇ હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી આવી છે . જેને કારણે ૩૦ થી ૩૫ જેટલા હીરાના કારખાના બંધ થઈ જવા પામ્યા છે અને જે કારખાના ચાલુ છે તેમાં અપૂરતા હીરાને લઈ રત્ન કલાકારને પહેલા આઠ કલાક કામ મળતું હતું તે તે હાલ માંડ પાંચ છ કલાકનુ કામ મળી રહ્યું છે અને દિવાળી વેકેશન બાદ મંદી ને લઈ કેટલાક કારખાના બંધ થઈ જતાં કેટલાક રત્ન કલાકારો હીરા ઉદ્યોગ છોડીને અન્ય વ્યવસાય તરફ વળ્યા છે ત્યારે આ મંદીને પહોંચી વળવા સરકાર દ્વારા હીરા ઉદ્યોગ ને સહાય કરવામા આવે તેવી રત્ન કલાકારો અને હીરાના વેપારીઓ દ્વારા માંગ કરાઈ રહી છે.

# પાલનપુરના માલણ દરવાજા ડમ્પીંગ સાઈટ પર ચોમાસાના લીધે ઢગલા ઉપર ચઢવા રસ્તો નથી!

પાલનપુર તા.૨૩

પાલનપુર ડમ્પિંગ સાઈડ પર છેલ્લા કેટલાક દિવસોથી ડોર ટુ ડોર કચરો કલેક્શન કરતા વાહનો ડમ્પીંગ સાઈટની ઉપર વાહન જવા માટેનો રસ્તો ન હોવાથી વાહનો ઉપર ચડી શકતા નથી જેને લઈ વાહન ચાલકો બે દિવસથી કચરો ક્યાં નાખવો તેને લઈ મૂંઝવણમાં છે. અધૂરામાં પૂરું કેટલાક પ્રાઈવેટ લોકો સંરક્ષણ દિવાલની બહાર જ કચરો નાખવા ઉપરાંત પશુઓના મૃતદેહો અને ખાટકીવાડાના માંસના અવશેષો અહીં ફેંકી દેવાતા પારાવાર ગંદકી અને દુર્ગંધનો માહોલ સર્જાયો છે. પાલનપુરમાં કચરાનું કલેક્શન કરતા વાહન ચાલકોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી રોજ આ સમસ્યા સર્જાય છે અમારે કેમ કરીને ઉપર વાહનો ચડાવવા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જો ચઢાવવા જઈએ તો ગાડી પલટી થઈ જવાનો ડર રહે છે. શહેરમાંથી રોજ ૧૦૦ ટન કચરો આવે છે તેને ક્યાં નાખવો તે સમજાતું નથી.. બીજી તરફ કેટલાક લોકો દીવાલની આગળ જ કચરો ઠાલવીને જઈ રહ્યા છે. અમે અમારા કોન્ટ્રાક્ટરનું ધ્યાન દોર્યું છે. આ અંગે એજન્સીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે આ બાબત ધ્યાનમાં આવતા અમે પાલિકામાં ચીફ ઓફિસર અને પ્રમુખ બંનેનું ધ્યાન દોર્યું છે. વાહનો ઉપર જઈ શકે તે માટે રસ્તો કરવા માટે ખાતરી આપી છે."



# ડીસા ખાતે ભારતીય જનતા પાર્ટી અલ્પકાલીન વિસ્તારક યોજનાની બેઠક યોજાઇ

### નરેન્દ્રભાઈ મોદી પહેલા વડાપ્રધાન જે જનતાને હિસાબ આપે છે : પ્રદીપસિંહ વાઘેલા

ડીસા, તા. ૨૩

ભાજપ દ્વારા લોકસભાની ચૂંટણીની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.આગામી દિવસોમાં વિસ્તારક યોજના થકી ૫૧,૯૩૧ કાર્યકરો ૧૮૨ બેઠકોના તમામ બુથો પર ઘરે ઘરે જઈ પત્રિકા વિતરણ અને જનસંપર્ક કરી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના ૯ વર્ષના કાર્યોના હિસાબની માહિતી આપશે.આ યોજના હેઠળ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે તમામ વિસ્તારકોને એક સાથે વર્ચ્યૂઅલ માધ્યમથી માર્ગદર્શન આપ્યું હતું. આ અંગે પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાએ અલ્પકાલીન વિસ્તારક યોજના સંદર્ભે જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકારમાં ભ્રષ્ટાચાર, મોંઘવારી અને અસુરક્ષાથી ત્રાહિમામ પોકારી દેશની જનતાએ વર્ષ ૨૦૧૪ માં ભાજપ સરકારને સ્પષ્ટ બહુમત આપી નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાન તરીકેની જવાબદારી સોંપી. વર્ષ ૨૦૧૪ થી ૯ વર્ષના સમયગાળામાં વડાપ્રધાન તરીકે જે જે અપેક્ષાઓ અને વચનો આપ્યા તે પુર્ણ કર્યા છે. આજે દેશની જનતા નવી નવી આશા અને અપેક્ષા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પર રાખી રહી છે.આજે વિશ્વના દેશો આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને જે સન્માન આપે છે તે પહેલા આપણે વિચારી પણ શકતા નહતા. આજે દેશમા નરેન્દ્રભાઇ મોદી પહેલા વડાપ્રધાન છે કે તેઓ જનતાને તેમના કામનો હિસાબ આપે છે. ગુજરાત ભાજપ પણ અલગ અલગ કાર્યક્રમો થકી જનતાને માહિતી આપી રહી છે તેના ભાગરૂપે ભાજપના ૫૧,૯૩૧ કાર્યકરો ત્રણ દિવસ માટે વડાપ્રધાને કરેલા કાર્યોની માહિતી ઘરે-ઘરે પહોંચાડવા માટે આવનાર ૨૫ થી ૨૭ જૂન પત્રિકા વેચી અને મુલાકાત કરી કામની માહીતી આપશે.આટલુ મોટુ જન સંપર્ક અભિયાન વિશ્વમાં કોઇ રાજકીય પાર્ટીએ ક્યારેય નહી કર્યુ હોય. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા ખાતે આવેલ જલારામ મંદિર ખાતે આવેલ સભાખંડમાં ભારતીય જનતા પાર્ટી અલ્પકાલીન વિસ્તારક યોજનાની બેઠક યોજાઇ હતી જેમાં સાંસદ દિનેશભાઇ અનાવાડીયા, ધારાસભ્ય પ્રવિણ માળી, જિલ્લા મહામંત્રી સંજયભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકા પ્રમુખ રાજુભાઇ ઠક્કર સહિત ભારતીય જનતા પાર્ટીના નામી અનામી અગ્રણીઓ, હોદેદારો સહિત શહેરના તેમજ તાલુકાના વિવિધ મોર્ચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.